જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-**        **સમાચાર યાદી નં.૨૭૭૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૦૫ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**        **સમાચાર યાદી નં.૨૭૭૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-**        **સમાચાર યાદી નં.૨૭૭૩/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :** અનંતકુમાર એજરાભાઇ ક્રિશ્ચયન (રહે.બેરસેબા સોસાયટી, સી.એન.આઇ.ચર્ચની સામે, વિઠ્ઠલનગર નો ટેકરો, જશોદાનગર) એ તા.૧૦/૧૧/૧૪ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૧/૧૪ બપોરનાં ૪/૦૦ થી તા.૯/૧૧/૧૪ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૫,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જી.ચૌધરી ચલાવે છે.

**સોનાનો દોરો તોડી લઇ ગયા :-**        **સમાચાર યાદી નં.૨૭૭૪/૧૪**

**સાબરમતી :** કૌશલ્યાબહેન ગૌતમભાઇ શાહ (ઉ.વ.૨૯)(રહે.જૈનેશ્વર એપાર્ટમેન્ટ, હિરાવીનગર, ધર્મનગર સાબરમતી) તા.૧૦/૧૧/૧૪ બપોરનાં ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કૌશલ્યાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૌશલ્યાબહેન શાહે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-**        **સમાચાર યાદી નં.૨૭૭૫/૧૪**

**સેટેલાઇટ :** પન્નાબહેન તે અશ્વિનભાઇ કાંતીલાલ દરજી નાઓની વિધવા પત્ની (ઉ.વ.૩૮)(રહે. ગીતાંજલી એપાર્ટમેન્ટ, પારસનગર બસ સ્ટેન્ડની બાજુમાં, સોલા રોડ નારણપુરા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૧૪ સવારનાં ૧૧/૧૫ વાગ્યાના સુમારે ન્યુ ઇન્ડીયા ઇન્સોરંન્સ કંપનીમાંથી પોતાની ઓફિસની બંન્ને શાખાઓના મળી કુલ રૂપિયા ૨,૫૩,૭૦૯/- લઇ એચ.ડી.એફ.સી. બેંક પકવાન શાખામાં ભરવા જતા હતા. દરમ્યાન દેવાર્ક મોલના ગ્રાઉન્ડ ફલોર અને પાર્કીગની વચ્ચેની સીડીઓમા એક અજાણ્યો પુરૂષ (મજબુત બાંધાનો જીન્સનુ પેન્ટ તથા ટોપી ચશ્મા પહેરેલ) પન્નાબહેનનું રોકડ રૂપિયા ૨,૫૩,૭૦૯/- ભરેલ લેડીઝ પર્સ નજર ચુકવી ખેંચી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

**ઓઢવ :** જયંતીલાલ કેશવલાલ સોની (રહે.મનાલી પાર્ક સોસાયટી, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન સામે, જીવરાજપાર્ક, વેજલપુર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ અર્બુદા સોસાયટીના નાકે આવેલ પોતાની વિરલ જ્વેલર્સની દુકાનનું શટર બંધ કરતાં હતા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ જયંતીલાલની નજર ચુકવી અમેરીકન ડાયમંડવાળી સોનાની પાંચ જોડી બુટ્ટી અને બીજી સોનાની પાંચ જોડી બુટ્ટી તેમજ ગાભાના સેટ, મંગળસુત્ર મળી કુલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ની મતા ભરેલ થેલીની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૭૬/૧૪</u>**

**નરોડા :** પરેશભાઇ રમેશભાઇ રાઠોડ (રહે.મહાજનીયાવાસ, રામદેવ મંદીર સામે, નરોડા પાટીયા, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૪ સવારનાં ૬/૦૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ, જયઅંબે મંદીર પાસેથી પોતાનો ભાઇ વિકાસ ઉર્ફે વીકી (ઉ.વ.૩૦) રસ્તો ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા ટ્રકના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પોતાના ભાઇ વિકાસને ટક્કર મારતાં, શરીરે જમણા પગે તથા કમરનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૭૭/૧૪</u>**

**વટવા :** પુષ્પાબહેન વિનોદભાઇ પરમાર (ઉ.વ.૪૪)(રહે.વસંતવિહાર સોસાયટી, નારોલ કોર્ટની સામે) એ તા.૮/૧૧/૨૦૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે માનસીક અને થાઇરોડની બિમારીથી કંટાળી જઇ પોતાના શરીરે કેરોસીન છાંટી સળગી જતાં સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૧૧/૧૪ નાં કલાક ૦૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રણજીતસિંહ છત્રસિંહ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** ગાયત્રી w/o શરદબાબુ કુલંદવેલ આદીદ્રાવીડ (ઉ.વ.૨૦)(રહે.મકાન નં.૨૮,કિશનભાઇના મકાનમા, શીવનગર સોસાયટી, ચાંદલોડીયા) એ તા.૧૦/૧૧/૨૦૧૪ બપોરના ૪/૨૦ વાગ્યાનાં સુમારે પોતાની સાસરીમાં પોતાના પતિનાં ત્રાસથી કંટાળી જઇ મકાનની છતનાં હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ સોલા હાઇકોર્ટ પોલીસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.